ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ગળાનો સોજો અને ખાંસીના દર્દીઓ વધ્યા

## સતત ખાંસી અને ગળાના દુઃખાવાની ફરિયાદ લઈને આવતા દર્દીઓની સતત વધતી સંખ્યા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં આજકાલ ગળા પર સોજો, સતત ખાંસી અને શરદીના દર્દીઓ ખુબ વધ્યા છે. સરકારી અને ખાનગી દવાખાનાઓ આવી એક જ પ્રકારની ફરીયાદ લઈને આવતા દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. અગાઉ બાળકોને ચેપ લગાડી ચૂકેલો આ વાયરસ હવે મોટેરાઓમાં પણ જોવા મળી રહ્યો છે.

શહેરમાં આજકાલ સતત ખાંસી શરદી અને ગળાના સોજાના દર્દીઓ વધ્યા છે. સતત આઠ-દસ દિવસ સુધી એકધારી ખાંસી રહેતી હોય તેવી ફરિયાદો દર્દીઓ કરી રહ્યા છે. વળી મુશ્કેલી એ છે કે આ ખાંસી પર કોઈ પ્રકારની કફ સીરપ અસર કરી રહી નથી. ઘણા કિસ્સાઓમાં તો ખુબ ઉધરસ હોય તેવા દર્દીઓને હેવી ડોઝની દવા આપવામાં આવે છે પરંતુ તે પણ કારગર નીવડી રહી નથી. દર્દીઓને સતત ખાંસી આવે છે પરંતુ છાતીમાં કફ હોતો નથી. વળી આવી સુકી ખાંસીનો ત્રાસ રાત્રિના સમયે વધે છે જેના કારણે દર્દીઓ સુઈ શકતા નથી. મોં બંધ ન થાય તેવી સતત ખાંસી આવતા દર્દીઓ થાકી જાય છે. આ સાથે જ દર્દીઓને ગળામાં સોજાનો અનુભવ થાય છે. સોજાના કારણે દર્દીઓને બોલવામાં પણ તકલીફ પડે છે. ખાવા-પીવામાં પણ મુશ્કેલી અનુભવાઈ રહી છે. સરકારી અને દવાખાનાઓમાં આવી ફરિયાદો લઈને આવતા દર્દીઓ વધતા જાય છે.

તબીબોના જણાવ્યા અનુસાર સીધુ ગળા પર અસર કરતો આ નવા પ્રકારનો વાયરસ દર્દીઓને પરેશાન કરી રહ્યો છે. અમારા આશ્ચર્યની વચ્ચે દર્દીઓને કોઈ પ્રકારની દવા અસર કરી રહી નથી. લગભગ એક મહિનાથી આવા દર્દીઓની સંખ્યા વધી રહી છે. સતત ખાંસીની ફરિયાદથી રાહત મેળવવા માટે ગરમ પાણીના કોગળાં કરવા અને નાસ લેવાની સલાહ તબીબો આપી રહ્યા છે.

હાલમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. બપોરે ગરમી અને સાંજે ઠંડકનો અનુભવ થતાં શરદી, ખાંસી અને તાવના દર્દીઓ વધ્યા છે.

# આજે મનપાની સામાન્ય સભા

## ૧૩માંથી ૮ મુદ્દા ૨૦૨૨-૨૩ના બજેટમાં કરાયેલી જોગવાઈ સામે વધુ ગ્રાન્ટ ફાળવવા માટે : સફાઈ ક્ષેત્રે રૂ. ૧૪ કરોડ તો મહેકમ ખર્ચમાં ૫ કરોડની વધારાની ગ્રાન્ટ ફાળવવા દરખાસ્ત, : મોંઘવારીને લઈ વ્હીકલપુલની ગાડીઓમાં ડિઝલ પુરાવવા સહિતની કામગીરી માટે વધુ ગ્રાન્ટની દરખાસ્ત

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે સામાન્ય સભા મેયરના અધ્યક્ષસ્થાને મનપાની કચેરી ખાતે યોજાશે.

બપોરે ૧૨ વાગે મળનારી આ સામાન્ય સભા વિધાનસભાની ચૂંટણીઓ પછી પ્રથમવાર મળી રહી છે.

આજે મળનારી સામાન્ય સભામાં ૧૩ જેટલા મુદ્દાઓ પર ચર્ચા થવાની છે. જો કે આ મુદ્દાઓ પૈકી ૮ મુદ્દા તો વર્ષ-૨૦૨૨-૨૩ના બજેટ રિવાઈઝ્ડ જે કરવામાં આવે તેમાં ગ્રાન્ટ વધારાની ફાળવવાનો છે.

મોંઘવારીની અસરો આજે મનપાની સામાન્ય સભામાં જોવા મળશે. મનપાના વ્હીકલપુલમાં ડિઝલ અને પેટ્રોલના ભાવમાં થયેલા વધારાને પગલે ગ્રાન્ટમાં વધારો કરવાની ભલામણ મંજૂરી માટે રજુ થવાની છે.

શહેરને અપાયેલ એક માત્ર સફાઈની ગ્રાન્ટમાં સૌથી વધુ વધારો કરી રિવાઈઝડ બજેટમાં તેને સમાવવાની ભલામણ પણ આજે સામાન્ય સભામાં મંજૂરી માટે રજુ થનાર છે. ગાંધીનગર શહેરમાં સફાઈની કામગીરીને સઘન બનાવવી જરૂરી બની છે. જી-૨૦ સમીટની બેઠકો સહિત વિવિધ સરકારી કાર્યક્રમોના આયોજનોને લઈ સફાઈની ગ્રાન્ટમાં રૂ. ૧૪ કરોડનો વધારો કરવાની દરખાસ્ત આજની સામાન્ય સભામાં રજુ થનાર છે.

આજે મળનારી સામાન્ય સભામાં મિલ્કતવેરાના દરમાં વધારો કરવા ઉપરાંત મનપા વિસ્તારમાં મિલ્કત ટ્રાન્સફર ફી ના દરમાં વધારાની દરખાસ્તને પણ મંજૂરી માટે રજુ કરવામાં આવનાર છે.

મનપાના ડ્રાફટ બજેટ પછી સ્થાયી સમિતિએ કમિશનરની આ દરખાસ્તને મંજૂરી આપી છે. વેરાના દરમાં સુધારો કરવો હોય તો ૨૮ ફેબ્રુઆરી પહેલાં સરકારમાં તે મોકલી આપવાના રહેતા હોઈ આ બન્ને વધારાની દરખાસ્તો આજે સ્થાયી સમિતિમાં મંજૂરી માટે રજુ થશે.

સ્થાયી સમિતિએ હજુ ડ્રાફટ બજેટમાં સુધારા-વધારા સાથેનું બજેટ તૈયાર કર્યુ નથી તે હવે પછી કરાશે તેમ મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આજે મળનાર સામાન્ય સભામાં ઝોન ઓફિસો કાર્યાન્વીત થતાં મનપાના મહેકમ ખર્ચને પહોંચી વળવા માટે પણ વધારાની પાંચ કરોડની ગ્રાન્ટ ફાળવવા ઉપરાંત આધાર કાર્ડ માટેની સુવિધા માટે પણ ગ્રાન્ટ વધુ ફાળવવાની દરખાસ્ત રજુ કરાઈ છે.

### મનપાની પોતાની કચેરીમાં આજે પ્રથમ સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મનપાની પોતાની કચેરીમાં આજે પ્રથમવાર મનપાની સામાન્ય સભા યોજાશે.

ગાંધીનગર મનપાએ મહાનગર સેવાસદન (એમ.એસ.બિલ્ડીંગ)માંથી સ્થળાંતર કર્યા પછી પોતાના મકાનમાં પહેલીવાર બેઠક એ પણ સામાન્ય સભાની મળી રહી હોવાથી તંત્રએ પણ સભાખંડમાં કોઈ કચાશ ના રહી જાય તે માટે પુરતી કાળજી લીધી છે.

મનપા બિલ્ડીંગમાં ચોથા માળે સભાખંડ સ્થાયી સમિતિના સભાખંડની સામે બનાવ્યો છે. તેમાં આધુનિક સુવિધાઓ તેમજ સભ્યોને બેસવાની મોકળાશને અગ્રતા આપવામાં આવી છે. સામાન્ય સભા પ્રથમવાર મળી રહી હોવાથી તંત્ર દ્વારા પણ તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. શુક્રવારે સવારે કમિશનરશ્રી આ સભાખંડની મુલાકાત પણ લે તેવા સંકેતો મળી રહ્યા છે.

વિધાનસભાની ચૂંટણીની આચારસંહિતા લાગુ થતાં અહિ સામાન્ય સભા યોજી શકાઈ ન હતી. જો કે સ્થાયી સમિતિની ત્રણેક બેઠકો નવા બિલ્ડીંગમાં યોજાઈ ગઈ છે જે નોંધનીય છે.

# મુખ્યમંત્રીના અભિયાનમાં મનપાએ કદમ મિલાવ્યા : બિન જરૂરી વીજ વપરાશ નહિ કરે

ગાંધીનગર, તા. ૯

રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઊર્જાબચતની પહેલને પગલે પગલે ગાંધીનગર મનપાએ પણ આ પહેલને અપનાવવાનો નિર્ણય કર્યો છે.

ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે કમિશનરને એક પત્ર લખી મનપાની તમામ કચેરીઓમાં ઊર્જાબચત અંગેનું અભિયાન ચલાવવા જણાવ્યુ છે.

કમિશનરને પાઠવેલા પત્રમાં મનપાની મુખ્ય કચેરી, ઝોન કચેરી, પંચાયતોની ઓફિસ, વ્હીકલપુલ, મટીરીયલ રિકવરી ફેસેલીટી, રંગમંચો, બાગ-બગીચા તેમજ મનપા હસ્તકની તમામ મિલ્કતોમાં વીજળીનો બિનજરૂરી ઉપયોગ ટાળો અને વીજ વપરાશ ઘટાડવા પર ભાર મુકવામાં આવે તે જરૂરી હોઈ જરૂરી સૂચનાઓ તાત્કાલિક આપવા જણાવ્યુ છે.

રાજયના મુખ્યમંત્રીએ દિવસના અજવાળા દરમ્યાન તેમની કચેરીમાં બિન જરૂરી લાઈટો નહિ ચાલુ રાખવા તેમજ એન્ટી ચેમ્બરમાં તેઓ જાતે જ લાઈટો ચાલુ બંધ કરશે તેવો નિર્ણય કર્યો છે. વીજ વપરાશ ઘટે અને તે દ્વારા રાષ્ટ્રસેવાની હાંકલને આજે મનપાએ વધાવી અને બિન જરૂરી વીજવપરાશ ઘટાડવાના અભિયાનમાં જોડાવાનો નિર્ણય કર્યો છે.




પાટનગરમાં પ્રદૂષણ - હરિયાળા નગરમાં પ્રદૂષણનું દૂષણ આજકાલ વધતું જાય છે... ધુમડો કાઢતી રીક્ષાઓ શહેરના વાતાવરણને પ્રદૂષિત કરે છે... સરકારોના આદેશો છતાં ભાડાના વાહન ચલાવતા વાહન ચાલકો જવાબદારી વિના બે-રોકટોક આ પ્રકારના વાતાવરણનું સર્જન કરે છે... છેલ્લા કેટલાક વખતથી ગાંધીનગરમાં પણ ધુમડા કાઢતી રીક્ષાઓની સંખ્યા વધતી જાય છે... જે ચેતવણી સમાન છે....

# ગુડાના એલઆઇજી આવાસોના દસ્તાવેજમા સ્ટેમ્પ ડયુટી અને નોંધણી ફીની વધારાની રકમ ચુકવવી પડશે નહી

## જંત્રી દર બેવડાતા લાભાર્થીઓમાં ચિંતા પ્રવર્તી હતી : ગુડાના આવાસો પૈકી અત્યાર સુધીમાં ૪૩૩ લાભાર્થીઓએ જ દસ્તાવેજ કરાવ્યો છે

ગાંધીનગર તા ૯

જંત્રીનો ભાવ બેવડાતા દસ્તાવેજ કરાવનારાઓએ સ્ટેમ્પ ડયુટીમાં ૪.૫ ટકા અને નોંધણી ફી પેટે પણ એક ટકા વધારો ચુકવવો પડશે. ગુડા નિર્મિત આવાસોમાં રહેતા લાભાર્થીઓ પૈકી હજુ ઘણાં કિસ્સામાં દસ્તાવેજની પ્રક્રીયા બાકી છે. જો કે ગુડાના એલ આઈ જી આવાસોના દસ્તાવેજની પ્રક્રીયા સંદર્ભે ડયુટી તેમજ નોંધણી ફી વધારાની ચુકવવાની રહેશે નહીં તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ન્યુ ગાંધીનગરમાં વિકાસના અનેક વિધ કામો સાથે માળખાગત સુવિધાને અનુલક્ષી પાણી ગટર , સ્ટ્રીટ લાઈટ , બગીચા સહીતના કામો હાથ ધરવામાં આવે છે. જયારે વિવિધ કક્ષાના આવાસો પણ તબક્કાવાર બાંધવામાં આવી રહ્યા છે. ગુડા દ્વારા અત્યાર સુધી રાયસણ ચિલોડા ,અડાલજ, સરગાસણ , કુડાસણ સહીતના વિસ્તારમાં ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે આવાસો બાંધવામાં આવ્યા છે. જયારે આ આવાસોમાં લાભાર્થીઓ વસવાટ પણ કરી રહ્યા છે. ગુડા દ્વારા રાયસણ ,વાવોલ અને પેથાપુર સહીતના વિસ્તારમાં એલ આઈ જી વન અને એલ આઈ જી ટુ આવાસોની યોજના પણ તૈયાર કરવામાં આવી છે. જેમાં હોલ બેડરૂમ કિચન વોશરૂમ સહીતની

● અનુસંધાન પાન-૭ પર

# ૨૧-૨૨ની તુલનામાં ૨૨-૨૩માં માતા મરણ અને બાળમરણ ઘટ્યા

## સંસ્થાકીય પ્રસુતિઓ નોંધાતા આ દર ઘટ્યો : ૨૧-૨૨ની તુલનામાં ૨૨-૨૩માં પ્રસુતિઓની સંખ્યા વધી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં ડિસે. ૨૩ સુધીમાં ગત વર્ષની તુલનામાં માતા મરણ અને બાળ મરણમાં ઘટાડો જોવા મળ્યો છે.

જિલ્લામાં ૨૦૨૧-૨૨ની તુલનામાં પ્રસુતિઓની સંખ્યા જાન્યુઆરીથી ડિસેમ્બરમાં વધુ નોંધાઈ છે. આ બધી જ પ્રસુતિ સંસ્થાકીય પ્રસુતિ થઈ હોવાથી મૃત્યુદરમાં ઘટાડો નોંધાયાનો દાવો તંત્ર કરી રહ્યુ છે.

૨૦૨૧-૨૨માં ૧૬,૭૩૩ પ્રસુતિ ડિસેમ્બર-૨૧ અંતિત નોંધાઈ હતી જ્યારે ૨૦૨૨-૨૩ના વર્ષમાં ૧૭,૮૭૪ પ્રસુતિ નોંધાઈ છે. ૨૦૨૧-૨૨માં ડિસે. ૨૧ સુધીમાં પ્રસુતિ સમયગાળા દરમ્યાન ૧૬ માતાના મરણ નોંધાયા હતા જ્યારે ૨૦૨૨-૨૩માં પ્રસુતિ સમયગાળા દરમ્યાન ૧૪ માતાના મરણ નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે માતા મરણ અને બાળમરણના દરમાં તે ઘટાડો નોંધાયો છે. તંત્ર દ્વારા આ માતા અને બાળ મરણ અંગે કલેક્ટરકક્ષાએ તેમજ ડી.ડી.ઓ. કક્ષાએ અને તંત્રમાં જિલ્લાકક્ષાએ સતત મોનીટરીંગ થઈ રહ્યુ છે તેમજ સંસ્થાકીય પ્રસુતિઓ વધુ ને વધુ થાય તે માટેના પ્રયાસો કરાયા છે તે મહત્વનું પરિબળ બન્યુ છે.

# નવા સેકટરોમાં આંતરિક માર્ગોના રીસરફેસીંગનુ કામ અટવાયું

## હવે આઠ મહીના બાદ કરવામાં આવશે : પાણી ગટરની લાઇન નાંખવાનુ કામ પુર્ણ થયા બાદ માર્ગ રીસરફેસીંગનુ કામ હાથ ધરાશે : વરસાદી પાણીના નિકાલની લાઇન બાદ ખાડા ટેકરા નિવારવા થીગડા મારવામાં આવશે

ગાંધીનગર તા ૯

ગાંધીનગરના નવા સેકટરોમાં આંતરિક માર્ગોની હાલત અત્યંત ખરાબ છે. નિયત સમયગાળા બાદ સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવાની અનિવાર્યતા છે. ત્યારે સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરવામાં આવતા ખરચડા માર્ગો પર ઠેર ઠેર ખાડા ટેકરા અસ્તિત્વમાં આવ્યા છે. ત્યારે નવા ૧ થી ૫ સેકટરમાં માર્ગ રીસરફેસીંગની કામગીરી માટે રૂ ૧૦ કરોડનો ખર્ચ મંજુર કરાયો છે. પરંતુ હવે માર્ગ રીસરફેસીંગનુ કામ હાલ નહીં કરવા નિર્ણય લેવાયો છે. અલબત્ત પાણી ગટરની નવી લાઈન નાંખવાની કામગીરીના અંતે જ સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરાશે

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. નગરને સ્માર્ટ સીટીનો દરજ્જો આપવા માટે અનેકવિધ યોજના હાથ ધરવામાં આવી છે. જયારે માળખાગત સુવિધાઓ અપગ્રેડ કરવા માટે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે. શહેરમાં પાણી પુરવઠો સપ્લાય કરવા માટે દાયકાઓ જુની પાણીની લાઈન પણ મોટા ડાયામીટરવાળી નાંખવા માટે સેકટરોમાં ખોદકામ ચાલી રહ્યુ છે. જયારે સાથો સાથ ગટર લાઈનનુ પણ જુના સેકટરોમાં કામ ચાલી રહ્યુ છે. વર્ષો જુની લાઈન હવે સેકટરની વસતી અને વિકાસના દ્રષ્ટીકોણથી પર્યાપ્ત નથી જેના લીધે રોજબરોજ પાણી ગટરની લાઈન સંબંધિત સમસ્યાઓ પણ જટીલ બની છે. સેકટરોમાં સતત ઉભરાતી ગટરો અને સવાર પડતા જ ઉઠતી પાણીની પોકારને ડામવા માટે આગામી દિવસોમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે કટાયેલી અને સાંકડી લાઈનના બદલે હવે નવી લાઈનનુ નેટવર્ક ઉભુ કરવામાં આવી રહ્યુ છે. જો કે આ કામગીરી દરમિયાન સેકટરોમાં અનેક નાની મોટી સમસ્યાઓ પણ ઉદભવે છે. ખોદકામ દરમિયાન સ્થળ પરથી પસાર થતી યુટીલીટી લાઈન્સમાં પણ ડિસ્ટર્બ થતી હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. જયારે સેકટરોના માર્ગો તેમજ ફુટપાથ પર પણ મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. શહેરના નવા સેકટરોમાં પણ માર્ગ સુધારણાની કામગીરીને

● અનુસંધાન પાન-૭ પર

# રવિવારે જિલ્લાના ૫૨૬૫ વિદ્યાર્થીઓ નેશનલ મિન્સ કમ મેરિટ પરીક્ષા આપશે

## જિલ્લામાં ૧૮ કેન્દ્રો પર ૧૮૦ બ્લોકમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થા : મેરીટમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ રૂ ૧૨ હજાર સ્કોલરશીપ અપાશે

ગાંધીનગર તા ૯

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આગામી તા ૧૨ ફેબ્રઆરીના રોજ નેશનલ મીન્સ કમ મેરિટ સ્કોલરશીપ પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર જિલ્લામાં પણ આ પરીક્ષાના આયોજન માટે સઘળી તૈયારી કરી દેવામાં આવી છે. જેમાં ધો - ૮ માં અભ્યાસ કરતા ૫૨૬૫ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપશે. જયારે પરીક્ષાની બેઠક વ્યવસ્થા માટે ૧૮ કેન્દ્રો નિયત કરાયા છે. પરીક્ષાના અંતે મેરિટમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓને ધો -૧૨ સુધી પ્રતિવર્ષ રૂ ૧૨ હજાર કન્દ્ર સરકાર દ્વારા ચુકવવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં નેશનલ મિન્સ કમ મેરિટ પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા તૈયારીઓ કરી દેવામાં આવી છે. ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી ડો બી એન પ્રજાપતિએ આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આગામી તા ૧૨ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧ થી ૨ કલાક દરમિયાન પરીક્ષા યોજવામાં આવશે. જિલ્લામાંથી અંદાજિત ૫૨૬૫ વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપશે જયારે કુલ ૧૮ કેન્દ્રો પર પરીક્ષાલક્ષી આયોજન કરાયુ છે. જેમાં ૧૮૦ બ્લોકમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવશે. જયારે પરીક્ષા દરમિયાન પુરતી પારદર્શકતા જળવાઈ રહે તે માટે પણ જરૂરી આયોજન કરી દેવાયુ છે. જિલ્લામાં આ પરીક્ષાને અનુલક્ષી ગોઠવાયેલી બેઠક વ્યવસ્થાને ધ્યાનમાં રાખી ગેરરીતી અટકાવવા માટે સી સી કેમેરાની વોચ પણ રહેશે. જયારે પ્રત્યેક કેન્દ્ર પર સરકારી પ્રતિનિધિઓ રાઉન્ડ લેશે. નેશનલ મિન્સ કમ મેરિટની આ પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ ઉત્સુકતા જોવા મળી રહી છે. આ પરીક્ષાના અંતે મેરીટમાં સમાવિષ્ટ સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને ધો - ૮ થી ૧૨ સુધી પ્રતિવર્ષ રૂ ૧૨ હજાર સ્કોલરશીપ પેટે ચુકવવામાં આવશે આ રકમ કેન્દ્ર સરકાર દ્વારા ચુકવવામાં આવશે. અલબત્ત આ પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીને ચાર વર્ષમાં રૂ ૪૮ હજાર સ્કોલરશીપ તરીકે ચુકવાશે.

# જિલ્લામાં ગર્ભ પરીક્ષણની ગેરકાયદે પ્રવૃત્તિ ઉપર કડક વોચ રાખવા સૂચના

## મહિલા ઉપર થતા ઘરેલુ હિંસાના મુખ્ય કારણો જાણવા પણ સર્વે કરાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને મહિલા સુરક્ષાનાં વિવિધ પ્રકલ્પો જેવા કે બેટી બચાવો બેટી પઢાવો, સખી વન સ્ટોપ સેન્ટર, સ્વધાર ગૃહ, વીંગ વુમન હોસ્ટેલ, પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર એટલે કે, મહિલા સહાયતા કેન્દ્ર અંતર્ગત થયેલી કામગીરીની સમિક્ષા બેઠક હાથ ધરવામાં આવી હતી. જેમાં ખાસ કરીને ગર્ભ પરીક્ષણ અને ગર્ભપાત ની ગેરકાયદે પ્રવૃત્તિ જિલ્લામાં ન થાય તે માટેના પગલાં ભરવા માટે આરોગ્ય સહીત સંબંધિત તંત્રને તાકીદ કરવામાં આવી હતી.

સામાન્યરીતે અન્ય જિલ્લા કરતા ગાંધીનગરમાં દિકરા સામે દિકરીના જન્મનો રેસીયો પ્રમાણમાં સારો છે તેમ છતા ગાંધીનગર જિલ્લામાં ગર્ભ પરીક્ષણ અને ગર્ભપાતની ગેરકાયદેસર પ્રવૃત્તી ગ્રામ્યવિસ્તારમાં ચાલી રહી છે.ગર્ભ પરીક્ષણનું આંતરરાજ્ય રેકેટ ચાલે છે તે પકડવા અને જિલ્લામાં આ પ્રકારની ગેરકાયદે તથા હિન પ્રવૃત્તી ન થાય તે અંગે જિલ્લા કલેક્ટરે પ્રવિણા ડી.કે એ આરોગ્ય વિભાગ સહિત તાજેતર માં મળેલી બેટી બચાવો.. બેટી પઢાવો...ની બેઠકમાં હાજર તમામ અધિકારીઓન સુચના આપી છે. જેને ધ્યાનમાં રાખીને જિલ્લામાં દીકરી જન્મનાં



પ્રમાણમાં વધારો થાય અને જિલ્લામાં પી.સી. અને પી.એન.ડી.ટી.એક્ટ નો કડક અમલ થાય તે માટે આદેશ કરવામાં આવ્યો છે.

ઉપરાંત આંગણવાડીકક્ષાએ દીકરીઓના સ્વાસ્થયમાં સુધારો થાય તે હેતુથી હાઈજિન કીટ આરોગ્ય અને આઈ.સી.ડી.એસ. વિભાગ સાથે

● અનુસંધાન પાન-૭ પર

આઠમી વાર્ષિક પૂણ્યતિથિએ
ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. ઈન્દીરા આર. શાહ
સ્વર્ગવાસ તા. ૧૦/૨/૨૦૧૫

તમારા મિલનસાર સ્વભાવ તથા હસતા ચહેરાને લીધે, જીવન છોડી ગયા છતાં જીવતા હોવાનો ભાસ છે. જીવન એવું જીવી ગયા કે ક્યારેય ભૂલાય નહીં. અમારા જીવનમાં જે સુંદર છે તે બધુ તમારા પ્રતાપે છે.
પરમાત્મા આપના આત્માને સદાય શાંતિ આપે એ જ પ્રાર્થના...
રમણભાઈ એચ. શાહ પરિવાર
૪૫, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com